પાર્સલ લેવા-મૂકવા આવતા લોકો માટે પાર્કિંગની કોઈ સુવિધા નહીં

વડોદરા રેલવે સ્ટેશનના પાર્સલ વિભાગ બહાર નો પાર્કિંગના નામે ચાર્જ વસૂલાતનો આક્ષેપ

થોડી મિનિટો માટે દંડ ફટકારાતો હોવાની ફરિયાદ

(પ્રતિનિધિ) વડોદરા,તા.14

વડોદરા રેલવે સ્ટેશન કે જે ડિવિઝનનું મુખ્ય સ્ટેશન છે, ત્યાં જ પાર્સલ વિભાગ પાસે નો પાર્કિંગના નામે વાહનચાલકો પાસેથી આડેધડ દંડ વસૂલીને ઉઘાડી લૂંટ ચલાવવામાં આવતી હોવાના ગંભીર આક્ષેપો ઉઠ્યા છે. પ્રાપ્ત માહિતી મુજબ, રોજબરોજ સેંકડો નાના-મોટા વેપારીઓ, કુરિયર સંચાલકો અને સામાન્ય નાગરિકો પોતાના પાર્સલ છોડાવવા કે જમા કરાવવા માટે પાર્સલ ઓફિસે આવે છે. પરંતુ વિભાગની બહાર વાહનો પાર્ક કરવા માટે કોઈ નિર્ધારિત અને સ્પષ્ટ જગ્યા ફાળવવામાં આવી નથી. જેના કારણે લોકો મજબૂરીમાં થોડી ક્ષણો માટે રોડની સાઈડમાં વાહન ઉભું રાખે છે.

આ તકનો લાભ ઉઠાવીને ત્યાં તૈનાત કરાયેલા કર્મચારીઓ કે કોન્ટ્રાક્ટરો દ્વારા તાત્કાલિક નો પાર્કિંગનો દંડ ફટકારી દેવામાં આવે છે. વેપારીઓનો આક્ષેપ છે કે આ દંડની કોઈ પાકી પહોંચ આપવામાં આવતી નથી અને રકમ પણ મનમાની રીતે વસૂલવામાં આવે છે. આ અંગે સ્થાનિક વેપારી મંડળ દ્વારા અનેકવાર સ્ટેશન પ્રબંધક અને ડિવિઝનલ અધિકારીઓને લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી છે.

છતાં આજદિન સુધી કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. રેલવે તંત્રના આવા બાઈ બાઈ ચારણી જેવા વલણને કારણે કોન્ટ્રાક્ટરોને મોકળું મેદાન મળી ગયું હોવાની ચર્ચા છે. એક વેપારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે, અમે તો 5 મિનિટમાં પાર્સલ લઈને નીકળી જઈએ છીએ, પણ ત્યાં સુધીમાં વાહન પર લોક લાગી જાય છે અને 300 થી 500 રૂપિયા સુધીનો દંડ માંગવામાં આવે છે. જો પાર્કિંગ જ નથી તો અમે વાહન ક્યાં મૂકીએ? નાગરિકો અને વેપારીઓએ માંગ કરી છે કે, રેલવે તંત્ર તાત્કાલિક ધોરણે ત્યાં સ્પષ્ટ પાર્કિંગ ઝોન બનાવે, દંડની રકમ અને પ્રક્રિયામાં પારદર્શિતા લાવે અને જ્યાં સુધી પાર્કિંગની સુવિધા ન મળે ત્યાં સુધી દંડ વસૂલાત બંધ કરે. જો તંત્ર દ્વારા આ સમસ્યાનો વહેલી તકે ઉકેલ લાવવામાં નહીં આવે તો આગામી દિવસોમાં ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવશે તેવી ચીમકી પણ આપવામાં આવી છે.

બરોડા જિલ્લા ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપમાં મનશા અને પ્રથમ ચેમ્પિયન બન્યા

મનશાએ મહિલા સિંગલ્સ જ્યારે પ્રથમ માડલાણીએ પુરુષ સિંગલ્સનો ખિતાબ જીત્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.14

ટેબલ ટેનિસ એસોસિએશન ઓફ બરોડા (TTAB) આયોજિત UTT ટાઈટલ સ્પોન્સર્ડ બારોડા જિલ્લા ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપ-2026નું સમાપન થયું હતું. ટીટીએબી-એમએસયુ ટેબલ ટેનિસ સેન્ટર ખાતે યોજાયેલી ત્રણ દિવસીય સ્પર્ધામાં 20 ઈવેન્ટમાં આશરે 400 એન્ટ્રીઓ નોંધાઈ હતી. ઉભરતી અંડર-17 ખેલાડી મનશા વાનખેડકરે મહિલા સિંગલ્સનો ખિતાબ, જ્યારે પ્રથમ માડલાણીએ પુરુષ સિંગલ્સનો ખિતાબ જીત્યો હતો. પુરુષ સિંગલ્સની ફાઈનલમાં પ્રથમ માડલાણીએ જલય મહેતાને પરાજય આપ્યો હતો, જ્યારે મહિલા સિંગલ્સમાં મનશાએ શેલી પટેલને હરાવી હતી. સ્પર્ધામાં સીડેડ ખેલાડીઓ સાથે યુવા ખેલાડીઓએ પણ શાનદાર પ્રદર્શન કર્યું હતું. વેટરન્સની 39+, 49+, 59+ અને 64+ કેટેગરીમાં પણ ઉત્સાહભેર મુકાબલા યોજાયા હતા. સમાપન સમારોહમાં બરોડા બેડમિન્ટન એસોસિએશનના પ્રમુખ દીપકભાઈ પટેલ મુખ્ય અતિથિ રહ્યા હતા. TTABના પ્રમુખ જયાબેન ઠક્કર, માનદ સચિવ કલ્પેશ ઠક્કર અને માનદ ખજાનચી જીત્યાંગ ભટ્ટ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. વિજેતાઓને ટ્રોફી, મેરિટ સર્ટિફિકેટ અને ઈનામોથી સન્માનિત કરાયા હતા. અન્ય મુખ્ય વિજેતાઓઃ વેદ પંચાલે અંડર-19 અને અંડર-17 બોયઝ સિંગલ્સ જીત્યા. કૃષ્ણા પટેલે અંડર-17 ગર્લ્સ, ધૈર્ય કડાછીએ અંડર-15 બોયઝ અને વૈભવી સારંગધરે અંડર-15 ગર્લ્સ સિંગલ્સનો ખિતાબ મેળવ્યો.

સુરતની હોસ્ટેલમા નહી ગમતા વિદ્યાર્થીનુ અણગમુ પગલું

ધોરણ-૮નો વિદ્યાર્થી ટ્રેનમાં બેસી સુરતથી વડોદરા આવી પહોંચ્યો

ટ્રેનમાં બાળકની શંકાસ્પદ હિલચાલ જોઈ મુસાફરે 1098 પર ફોન કર્યો

(પ્રતિનિધિ) વડોદરા,તા.14

હોસ્ટેલમાં રહેવાનું ગમતું ન હોવાથી સુરતથી ટ્રેનમાં બેસી એકલો વડોદરા આવી પહોંચેલા ધોરણ-8ના સગીર વિદ્યાર્થીને ચાઈલ્ડ હેલ્પલાઈનની ટીમે સહીસલામત તેના પરિવારને સોંપ્યો હતો.

ટ્રેનમાં મુસાફરી કરી રહેલા એક સતર્ક મુસાફરની નજર બાળક પર પડતાં સમગ્ર ઘટનાનો પર્દાફાશ થયો હતો. મળતી માહિતી મુજબ મૂળ બિહારનો અને સુરતની એક હોસ્ટેલમાં રહી ધોરણ-8માં અભ્યાસ કરતો વિદ્યાર્થી આશિષ (નામ બદલ્યું છે) હોસ્ટેલમાં રહેવાનું પસંદ ન હોવાથી કોઈને જાણ કર્યા વિના ટ્રેનમાં બેસી સુરતથી વડોદરા નીકળી ગયો હતો. દરમિયાન ટ્રેનમાં મુસાફરી કરી રહેલા એક પેસેન્જરને બાળકની હિલચાલ શંકાસ્પદ જણાતા તેમણે બાળક સાથે વાત કરવાનો પ્રયાસ કર્યો હતો.

જોકે બાળકે કોઈ જવાબ ન આપતાં મુસાફરે સતર્કતા દાખવી ચાઈલ્ડ હેલ્પલાઈન 1098 પર ફોન કરી જાણ કરી હતી. જાણ થતાં વડોદરા રેલવે સ્ટેશન ખાતે કાર્યરત ચાઈલ્ડ હેલ્પલાઈનની ટીમ તાત્કાલિક ટ્રેનમાં પહોંચી હતી. ટીમે બાળક સાથે આત્મીયતાથી વાતચીત કરી તેને વિશ્વાસમાં લીધો હતો.

ત્યારબાદ બાળકે પોતાનું નામ આશિષ હોવાનું જણાવી હોસ્ટેલમાં રહેવાનું ગમતું ન હોવાથી ત્યાંથી નીકળી ગયો હોવાનું જણાવ્યું હતું. ચાઈલ્ડ હેલ્પલાઈનની ટીમે બાળક પાસેથી તેના પિતાનો મોબાઈલ નંબર મેળવી પરિવારનો સંપર્ક કર્યો હતો. ઘટનાની જાણ થતાં પિતાએ વડોદરા આવી પોતાના પુત્રને લઈ જવાની તૈયારી દર્શાવી હતી.

ટીમે બાળકને સમજાવ્યું હતું કે જીવનમાં પ્રગતિ માટે અભ્યાસ જરૂરી છે અને આ રીતે કોઈને જાણ કર્યા વિના એકલા ઘર કે હોસ્ટેલમાંથી નીકળી જવું યોગ્ય નથી. બાદમાં બાળકના પિતા વડોદરા રેલવે સ્ટેશન પહોંચતાં ચાઈલ્ડ હેલ્પલાઈનની ટીમે વિદ્યાર્થીને સહીસલામત તેમના હવાલે કર્યો હતો.

પુત્રને સુરક્ષિત રીતે પરત મળતાં પરિવારે ચાઈલ્ડ હેલ્પલાઈન ટીમનો આભાર માન્યો હતો. એક મુસાફરની સતર્કતાથી સગીર વિદ્યાર્થીને સમયસર મદદ મળી અને તે પરિવાર સુધી સુરક્ષિત રીતે પહોંચી શક્યો હતો.

જ્યાં દરેક છેડો એક નવી શરૂઆત છે અને દરેક ક્ષણ અનંત છે



■ "અનંત કાશી" એ શાશ્વત સ્વરૂપમાં એક દ્રશ્ય યાત્રા છે. આ ફોટોગ્રાફ્સ ફક્ત ઘાટ, શેરીઓ અને મંદિરો જ નહીં, પરંતુ સદીઓથી વહેતી શ્રદ્ધા, સંસ્કૃતિ અને માનવ લાગણીઓના અસંખ્ય સ્તરોને આવરી લે છે. અહીં, સમય સ્થિર રહેતો નથી, પરંતુ પરંપરા અને વર્તમાન વચ્ચે એક અદ્ભુત સંવાદ બનાવે છે. ગંગાના કિનારે બેઠેલા એક ઋષિ, આરતીની જ્વાળાઓમાં પ્રતિબિંબિત શ્રદ્ધા, પ્રાચીન શેરીઓમાં ગુંજતી ઘંટડીઓનો અવાજ, અને કાશી, જીવન અને મૃત્યુના રહસ્યને સરળતાથી સ્વીકારે છે - વડોદરા શહેરના ફોટોગ્રાફર દીપક દરજી દ્વારા કીર્તિ મંદિર આકૃતિ આર્ટ ગેલેરી ખાતે એક્ઝિબિશન નું આયોજન કરવામાં આવ્યું હતું આ બધું આ પ્રદર્શન દ્વારા ભાવનાત્મક અનુભવ તરીકે ઉભરી આવે છે. દરેક ચિત્ર એક વાર્તા છે, દરેક એક સ્મૃતિ છે, અને દરેક દ્રશ્ય સદીઓથી ચાલુ રહેલી શાશ્વત યાત્રાનો એક ભાગ છે. "અનંત કાશી" મુલાકાતીઓને ફક્ત કાશી જોવા માટે જ નહીં, પરંતુ તેને અનુભવવા માટે પણ આમંત્રણ આપે છે. આ પ્રદર્શન એવા શહેરને સમર્પિત છે જે સમયને પાર કરે છે, જે સતત વહેતું રહે છે, અને જેનો આત્મા તેના ખોળામાં વહેતી ગંગા જેટલો વિશાળ છે.

છાણી જકાતનાકા નજીક દાજીનગર સોસાયટીની ઘટના

અગમ્ય કારણોસર ફિનાઈલ પી ગયેલા યુવાનની હાલત સુધારા પર

બપોરના સુમારે બનેલા આ બનાવથી પરિવારમાં મચી દોડધામ, ફતેગંજ પોલીસે હાથ ધરી તપાસ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૪

વડોદરા શહેરના છાણી વિસ્તારમાં આવેલા દાજીનગર ખાતે રહેતા એક યુવાને કોઈ અજ્ઞાત કારણોસર ફિનાઈલના ઘૂંટડા પી લેવાની ઘટના સામે આવી છે. આ બનાવને પગલે પરિવારજનો અને આસપાસના વિસ્તારમાં ભારે દોડધામ મચી જવા પામી હતી. મળતી પ્રાથમિક માહિતી અનુસાર, છાણી જકાતનાકા પાસે આવેલા ટીપી-૧૩ વિસ્તારની દાજીનગરમાં ૨૮ વર્ષીય રમેશ વાલજીભાઈ વણકર રહે છે.

ગત બપોરે અંદાજે ૧:૦૦ વાગ્યે તેમણે પોતાના ઘરે જ અચાનક કોઈ અગમ્ય કારણોસર ઘરમાં પડેલું ફિનાઈલ પી લીધું હતું. ઘટનાની જાણ થતાં જ પરિવારજનો તુરંત હરકતમાં આવ્યા હતા અને ગંભીર બનેલી સ્થિતિને જોતાં યુવાનને તાત્કાલિક ધોરણે નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. સમગ્ર મામલે ફતેગંજ પોલીસ મથકનો સ્ટાફ પણ તાત્કાલિક હોસ્પિટલ તેમજ ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે આપેલી માહિતી મુજબ, સમયસર યોગ્ય સારવાર મળી જવાથી યુવાન રમેશ વણકરની હાલત હાલ ખતરાથી બહાર અને સુધારા પર છે. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

વડોદરાના યુવા સ્વિમર માધવ દાઉદીયાએ જુનિયર નેશનલ્સમાં બ્રોન્ઝ મેડલ જીત્યો

વડોદરા : ૧૮ થી ૨૩ ઓગસ્ટ ૨૦૨૬ દરમિયાન ભુવનેશ્વર ખાતે યોજાયેલી ૫૨મી જુનિયર નેશનલ એક્વાટિક્સ ચેમ્પિયનશિપ ૨૦૨૬માં વડોદરાના યુવા સ્વિમર માધવ નીલેશભાઈ દાઉદીયાએ શાનદાર પ્રદર્શન કરીને વડોદરા અને ગુજરાતનું નામ રોશન કર્યું છે. DLSS યોજના હેઠળ તાલીમ મેળવતા માધવે બોયઝ ગ્રુપ I(B) 100 મીટર ફ્રીસ્ટાઈલમાં ૫૪.૪૨ સેકન્ડના સમય સાથે ત્રીજું સ્થાન મેળવીને બ્રોન્ઝ મેડલ જીત્યો છે. રાષ્ટ્રીય કક્ષાએ મેળવેલી આ સિદ્ધિ તેની સફળ સ્વિમિંગ કારકિર્દીમાં વધુ એક મહત્વપૂર્ણ ઉમેરો કરે છે.

ગોત્રીના સલૂનમાં હેર કટીંગ પસંદ નહી આવી નહિ

હેર ટ્રીટમેન્ટના પૈસા પરત માંગતા યુવતી સહિત મિત્રોને માર મારી ધમકી

સલૂનમાં હાજર મહિલા તથા અન્ય શખ્સોએ પૈસા પરત આપવાનો ઇનકાર કરી ગાળો આપી ધમકી આપી હતી.

(પ્રતિનિધિ) વડોદરા, તા.30

ગોત્રી વિસ્તારમાં હેર ટ્રીટમેન્ટ યોગ્ય રીતે નહીં થતાં રૂ.3500 પરત માંગવા ગયેલા યુવતી સહિત મિત્રોને સલૂન સંચાલક મહિલા અને અન્ય લોકોએ ગાળો આપી માર માર્યો હતો. જેની ફરિયાદ ગોત્રી પોલીસ સ્ટેશનમાં નોંધાવાતા સમગ્ર મામલે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. હરણી-વારસિયા રોડ વિસ્તારમાં રહેતી 19 વર્ષીય વિદ્યાર્થિનીએ ગોત્રી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવેલી ફરિયાદ મુજબ, ગોત્રીના લોટસ એલિટ પાસે આવેલા ગ્લીટેન સલૂનમાં યુવતીના વાળની નેનો પ્લાસ્ટીયા હેર ટ્રીટમેન્ટ કરવામાં આવી હતી અને તેના બદલામાં રૂ.3500 લેવામાં આવ્યા હતા. જોકે, ટ્રીટમેન્ટ યોગ્ય રીતે નહીં થતાં યુવતીએ પોતાના પૈસા પરત માંગ્યા હતા. તા.13 સપ્ટેમ્બરના રોજ યુવતી તથા તેના મિત્રો સલૂન ખાતે રૂ.3500 પરત લેવા પહોંચ્યા હતા.

આ દરમિયાન સલૂનમાં હાજર મહિલા તથા અન્ય શખ્સોએ પૈસા પરત આપવાનો ઈનકાર કરી ગાળો આપી ધમકી આપી હતી. ત્યારબાદ બે પુરૂષોને બોલાવી યુવતીના મિત્રો સાથે ઝઘડો કરવામાં આવ્યો હતો.

આરોપીઓ યુવતી તથા તેના મિત્રોની પાછળ યશ કોમ્પ્લેક્સ ચાર રસ્તા સુધી આવ્યા હતા અને ત્યાં હર્ષ તથા જય નામના બે યુવકોને ગડદાપાટુનો માર માર્યો હતો. સાથે જ ગાળો આપી જાનથી મારી નાખવાની તેમજ ખોટી ફરિયાદમાં ફસાવી દેવાની ધમકી પણ આપી હતી. ગોત્રી પોલીસે મહિલા સહિતના આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આમ સમગ્ર મામલે હવે પોલીસની દખલગીરીથી મામલો તપાસ બાદ જ ખુલાસાબંધ સત્ય આવશે તેવુ વિશ્વસનીય સૂત્રોમાંથી જાણવા મળે છે.

ગુજરાતના ૮,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓને તમાકુથી નુકસાન અંગે જાગૃત કરાયા

(પ્રતિનિધિ) વડોદરા, તા.30

ગુજરાતમાં યુવાનોને તમાકુ અને વ્યસનથી દૂર રાખવાના હેતુથી પ્રયાસ - ડી-એડિક્શન ડ્રાઈવ એન્ડ ટોબેકો-ફ્રી જનરેશન (TFG) કેમ્પેઈન હાથ ધરવામાં આવ્યું હતું. આ અભિયાન અંતર્ગત વડોદરા સહિત આઠ મહાનગરપાલિકાની ૮૧ શાળાઓના ૮,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ સુધી તમાકુથી દૂર રહેવાનો સંદેશ પહોંચાડવામાં આવ્યો હતો. વડોદરા સ્થિત ફેઈથ ફાઉન્ડેશન દ્વારા ડિસેમ્બર ૨૦૨૫થી માર્ચ ૨૦૨૬ દરમિયાન આ અભિયાન યોજાયું હતું. રાજ્ય સરકારના શિક્ષણ અને આરોગ્ય વિભાગો તેમજ આઠ મહાનગરપાલિકાના સહયોગથી શાળાઓમાં વિવિધ જાગૃતિ પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી. અભિયાન દરમિયાન વિદ્યાર્થીઓને તમાકુ અને વ્યસનથી થતા નુકસાન વિશે સમજ આપવામાં આવી હતી. સાથે જ જીવનમાં યોગ્ય નિર્ણય લેવા, વ્યસનને ના કહેવા અને સ્વસ્થ જીવન જીવવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ અભિયાન હેઠળ ૧૦૦ વિદ્યાર્થીઓને પીઅર એજ્યુકેટર તરીકે તાલીમ આપવામાં આવી હતી. આ વિદ્યાર્થીઓ પોતાના સાથી વિદ્યાર્થીઓ, પરિવાર અને આસપાસના લોકોમાં તમાકુથી દૂર રહેવા અંગે જાગૃતિ ફેલાવે તે માટે તેમને તૈયાર કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત ૧૨,૦૦૦થી વધુ પોસ્ટર, બ્રોશર સહિતની જાગૃતિ સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું. શાળાઓમાં તમાકુમુક્ત વાતાવરણ અંગેના સંદેશ સાથે COTPA સાઈનેજ બોર્ડ લગાવવા અને ટોબેકો-ફ્રી એજ્યુકેશનલ ઈન્સ્ટિટ્યુશન (ToFEI)ની માર્ગદર્શિકાના અમલ માટે પણ પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. અભિયાન દરમિયાન વિવિધ સ્પર્ધાઓ અને જાગૃતિ કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થીઓને સક્રિય રીતે જોડવામાં આવ્યા હતા.

આજવા રોડ પર રણછોડનગરમાં યુવાનને અચાનક ખેંચ આવતા બેહોશ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૪

વડોદરા શહેરના આજવા રોડ વિસ્તારમાં આવેલા રણછોડનગરમાં રહેતા એક યુવાનને અચાનક ખેંચ આવવાની ઘટના સામે આવી છે. ઘરમાં જ અચાનક તબિયત લથડતા યુવાન બેભાન થઈ જતા પરિવારજનોમાં ભારે દોડધામ મચી ગઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, રણછોડનગરમાં રહેતા ૪૦ વર્ષીય નટુભાઈ ધનજીભાઈ પરમાર ગતરોજ પોતાના ઘરે હાજર હતા. તે દરમિયાન અચાનક તેમને ખેંચ ઉપડી હતી અને થોડી જ ક્ષણોમાં તેઓ બેહોશ થઈને નીચે ફસડાઈ પડ્યા હતા. અચાનક બનેલી આ ઘટનાથી પરિવારજનો ગભરાઈ ગયા હતા. પરંતુ પરિસ્થિતિની ગંભીરતાને પારખીને પરિવારજનો અને સ્થાનિક લોકોની મદદથી તુરંત જ નટુભાઈને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. હાલ તબીબોની દેખરેખ હેઠળ તેમની સારવાર ચાલી રહી છે, અને સદનસીબે તેમની સ્થિતિ સ્થિર હોવાનું જાણવા મળ્યું છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ૨૫ વર્ષની જાહેર જીવનની સેવા યાત્રાની ઉજવણી

૧૭ સપ્ટેમ્બરથી તા. ૧૭ ઓક્ટોબર સુધી 'સેવા સંકલ્પ અભિયાન' યોજાશે

'સેવા સંકલ્પ અભિયાન'ના અસરકારક અમલીકરણ અંગે જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જાહેર જીવનની ૨૫ વર્ષની ભવ્ય અને સમર્પિત સેવા યાત્રાની ઉજવણીના ભાગરૂપે ગુજરાત સરકાર દ્વારા આગામી તા. ૧૭ સપ્ટેમ્બરથી તા. ૧૭ ઓક્ટોબર દરમિયાન 'સેવા સંકલ્પ અભિયાન' યોજવામાં આવશે. આ અભિયાનના આયોજન અને અમલીકરણ અંગે આજે જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ હતી.

બેઠકમાં ધારાસભ્ય શૈલેષ મહેતા, જિલ્લા પંચાયતના પ્રમુખ, તાલુકા પંચાયતના પ્રમુખઓ, સંગઠનના હોદ્દેદારો, તથા તમામ નોડલ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન અભિયાનના સુચારૂ આયોજન અને અસરકારક અમલીકરણ અંગે જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપવામાં આવી હતી.

'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકાર તથા ભારત સરકાર દ્વારા હાથ ધરાયેલી વિવિધ વિકાસલક્ષી કામગીરી અને વિકાસયાત્રાની ઝાંખી ગામેગામ લોકો સમક્ષ રજૂ કરવામાં આવશે. આ ઉપરાંત જનભાગીદારી સાથે વિવિધ સેવાકીય અને સામાજિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવશે.

અભિયાન દરમિયાન વિવિધ સ્થળોએ રક્તદાન કેમ્પ, વૃક્ષારોપણ, સ્વચ્છતા અભિયાન, સેવા સેતુ સહિતની વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ યોજાશે. સેવા, સંકલ્પ અને જનભાગીદારીની ભાવનાને વધુ મજબૂત બનાવવાના ઉદ્દેશ સાથે સમગ્ર જિલ્લામાં અભિયાનને વ્યાપક જનભાગીદારી સાથે સફળ બનાવવામાં આવશે.

અનેક કાર કાટમાળ નીચે દબાઈને કાંસમાં ખાબકી

ભરૂચના કસક વિસ્તારમાં વરસાદી કાંસનું ધોવાણ, આંગન એપાર્ટમેન્ટનું પાર્કિંગ ધસી પડ્યું



(પ્રતિનિધિ) ભરૂચ, તા.14

ભાદરવા મહિનામાં મેઘરાજાએ મહેર કરતાં ભરૂચમાં કેટલાક ઠેકાણે અસરો જોવા મળી રહી છે. કસક વિસ્તારમાં આવેલી વરસાદી કાંસ નજીક આંગન એપાર્ટમેન્ટના પાર્કિંગની દીવાલ અને જમીનનો મોટો હિસ્સો અચાનક ધસી પડ્યો હતો. આ કારણે પાર્કિંગમાં ઉભેલી 7થી 8 જેટલી કાર ઉપર પાર્કિંગ સેડ ધસી પડ્યો હતો.

કસક વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલ માટે પસાર થતી કાંસમાં છેલ્લા બે દિવસથી ભારે વરસાદને કારણે પાણીનો પ્રવાહ અચાનક વધી ગયો હતો. પાણીના તેજ પ્રવાહને કારણે કાંસના કિનારે ધોવાણ થયું હતું. આ ધોવાણને કારણે આંગન એપાર્ટમેન્ટના કાર પાર્કિંગનો મોટો હિસ્સો નબળો પડ્યો હતો. આ દરમિયાન પાર્કિંગની દીવાલ અને જમીનનો ભાગ અચાનક ધસી પડ્યો હતો. સાથે જ શેડ પણ તૂટી પડ્યો હતો, જેના કારણે પાર્ક કરેલી અનેક કાર કાટમાળ નીચે દબાઈને કાંસમાં ખાબકી હતી.આ ઘટનાને પગલે એપાર્ટમેન્ટના રહીશોમાં ભારે દોડધામ થઈ ગઈ હતી. સ્થાનિક રહીશોના જણાવ્યા મુજબ, કસક વિસ્તારમાં ભરાતા વરસાદી પાણીનો પ્રવાહ સોસાયટી પાછળથી પસાર થતી કાંસમાં આવતાં પાણીનું ધોવાણ વધ્યું હતું, જેના કારણે પાર્કિંગનો મોટો ભાગ ધસી પડ્યો હતો. રહીશોએ આ ઘટનાને તંત્રની બેદરકારી ગણાવી ગુસ્સો વ્યક્ત કર્યો છે. તેમણે માંગ કરી છે કે, વરસાદી કાંસનું કાયમી ધોરણે મજબૂતીકરણ કરવામાં આવે અને જરૂરી રિપેરિંગ કરવામાં આવે, જેથી ભવિષ્યમાં આવી ઘટના ન બને.

વાગરા પોલીસે આરોપી આસિફ પટેલને પકડીને ઘટનાસ્થળે રી-કન્સ્ટ્રક્શનથી ક્રાઈમ રિહર્સલ

(પ્રતિનિધિ) ભરૂચ તા. 14

વાગરા તાલુકાના પહાજ ગામે શનિવારે મધરાત્રે અંધારામાં વસીમ ઈકબાલ દિવાનની છરી વડે નિર્મમ હત્યાના ચકચારી પ્રકરણમાં વાગરા પોલીસે ગામના જ આરોપી આસિફ મહંમદ પટેલને ઝડપી પાડ્યો છે. પોલીસે છરો અને બુલેટની ચાવીના આધારે આરોપીને દબોચીને પૂછપરછ કરતાં તેણે હત્યાની કબૂલાત કરી હતી. પ્રાપ્ત વિગતો અનુસાર, પહાજ ગામે શનિવારે મધરાત્રે અંધારાનો લાભ લઈને વસીમ ઈકબાલ દિવાનને છરીના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યો હતો. આ ઘટનાને લઈને વાગરા પોલીસે તપાસ હાથ ધરતાં છરો અને બુલેટની ચાવીના આધારે ગામના જ આસિફ મહંમદ પટેલને ઝડપી લીધો હતો. પૂછપરછમાં આરોપીએ હત્યાની કબૂલાત કરતાં પોલીસે તેને ઘટનાસ્થળે લઈ જઈને રી-કન્સ્ટ્રક્શન કરાવ્યું હતું.

इंडियन बैंक Indian Bank

इलाहाबाद ALLAHABAD

બરોડા રાજમહેલ રોડ શાખા :
ગીરધર ચેમ્બર્સ, હાથી પોલ સામે,
રાજમહલ રોડ, વડોદરા-૩૯૦૦૦૧.

ડિમાન્ડ નોટીસ તારીખઃ ૦૭/૦૯/૨૦૨૬

ધી સીકયોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્શીયલ એસેટસ્ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ના કાયદાની કલમ ૧૩ (૨) હેઠળની નોટીસ

(૧) શ્રી મયુરકુમાર અરવિંદભાઈ ઠક્કર (કરજદાર અને મોર્ગેજર)

રહેણાંક સરનામુઃ ફ્લેટ નં. એફ-૧૦૩, શિખર પંચમ હાઈટસ, આકાશ ગંગા નજીક, કેનાલ રોડ, સમા, જિલ્લો વડોદરા, ગુજરાત-૩૯૧૪૧૦.

મિલકતનું સરનામુઃ એફ-૭૩, કાસા લેઈકસાઈડ, બેનકો કંપની પાછળ, ચાપડ બીલ રોડ, મોજે બીલ, જિલ્લો વડોદરા,ગુજરાત-૩૯૧૪૧૦.

(૨) શ્રીમતિ ભૂમિબેન મયુરકુમાર ઠક્કર (જામીનદાર)

મિલકતનું સરનામુઃ એફ-૭૩, કાસા લેઈકસાઈડ, બેનકો કંપની પાછળ, ચાપડ બીલ રોડ, મોજે બીલ, જિલ્લો વડોદરા, ગુજરાત-૩૯૧૪૧૦.

વિષયઃ લોન ખાતેદાર/રો શ્રી મયુરકુમાર અરવિંદભાઈ ઠક્કર ખાતુ અમારી ઈન્ડીયન બેંક બરોડા રાજમહેલ શાખા સાથે.

આપે બેંક પાસે ધીરાણ લીધેલ લોનની રકમ રૂા.૧,૩૬,૭૪,૧૦૩.૮૮ (રૂપિયા એક કરોડ છત્રીસ લાખ ચુમ્મોતેર હજાર એકસો ત્રણ અને અઠયાસી પૈસા પુરા) ઉપરાંત તા.૦૭/૦૯/૨૦૨૬ થી લાગુ સંપૂર્ણ ચુકવણી ન થાય ત્યાં સુધીના ભવિષ્યના વ્યાજ સહિતની રકમ ફેરચુકવણી કરવામાં નિષ્ફળ ગયા છો.

આથી બેંકે તા.૦૭/૦૯/૨૦૨૬ ના રોજ કાયદાની કલમ હેઠળ રૂા.૧,૩૬,૭૪,૧૦૩.૮૮ (રૂપિયા એક કરોડ છત્રીસ લાખ ચુમ્મોતેર હજાર એકસો ત્રણ અને અઠયાસી પૈસા પુરા) જે તા.૦૬/૦૯/૨૦૨૬ ના રોજ ની બાકી નીકળતી રકમની તમારા દ્વારા ભરપાઈ કરવા માટે નોટીસ જાહેર કરેલ છે. જે નોટીસ આપને પોસ્ટ દ્વારા મોકલેલ પણ તે આપને મળ્યા વિના પરત આવેલ છે. જેની કોપી ઘર નં.

આ નોટીસ દ્વારા આપને જાણ કરવામાં આવે છે રૂા.૧,૩૬,૭૪,૧૦૩.૮૮ (રૂપિયા એક કરોડ છત્રીસ લાખ ચુમ્મોતેર હજાર એકસો ત્રણ અને અઠયાસી પૈસા પુરા) જેની સાથે તા.૦૭/૦૯/૨૦૨૬ થી લાગુ વ્યાજ જે સંપૂર્ણ ચુકવણી થાય ત્યાં સુધીની બાકી રકમ આ નોટીસ પ્રસિદ્ધિના ૬૦ દિવસમાં ભરપાઈ કરી દેવા, જો તેમ કરવામાં કસુર થશે તો બેંક એન્ફોર્સમેન્ટ ઓફ સીકયોરીટી ઈન્ટરેસ્ટના કાયદા હેઠળ કાર્યવાહી કરશે. બેંક હેઠળ ઉપર જણાવેલા કાયદા અને/અથવા હાલના કાયદા મુજબ આ નોટીસ કોઈ પણ પ્રકારના પૂર્વગ્રહ વગર સુરક્ષિત લેણદાર માટે બહાર પાડવામાં આવી છે.

આ સાથે આપનું ધ્યાન આકૃષ્ટ કરવામાં આવે છે કે સરફેસી એકટના કાયદા ૧૩(૮) અને નિયમ હેઠળ આપ સુરક્ષિત મિલકતોને પાછી લેવા માટેના અધિકારો ધરાવો છો.

આ નોટીસ કોઈ પણ પ્રકારના પૂર્વગ્રહ વગર અને જે હાલના DRT/RO ઓફ DRT/DRAT/કોર્ટ ની કાર્યવાહી પહેલાના અને હુકમ કરેલ કાર્યો હેઠળ કરવાની કાર્યવાહી / હુકમનામું મેળવ્યાના / મેળવ્યાની કાર્યવાહીના હકકો સહિત સુરક્ષિત લેણદાર માટે બહાર પાડવામાં આવી છે.

સુરક્ષિત મિલકતને લગતી મુખ્ય વિગતો ની તમામ જાણકારી નીચે આપેલ છે.

: મોર્ગેજ એસેટસનું વર્ણન :

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાવર મિલકત જે ઘર નં. એફ/૭૩, બ્લોક/રેવન્યુ સર્વે નં. ૭૪૧/બી પૈકી, ૭૪૨/બી, ૭૬૦ પૈકી ૭૬૨, ૭૬૩, ૭૬૪/બી/પૈકી ૭૫૫/પૈકી, ૭૫૬/પૈકી, ૭૫૯, ૭૫૮ પૈકી સ્થિત કાસા લેઈક સાઈડ, બેન્કો કંપની પાછળ, ચાપડ બીલ રોડ, મોજેઃ બીલ વડોદરા- ૩૯૧૪૧૦. જે શ્રી મયુરકુમાર અરવિંદભાઈ ઠક્કર ના નામની. (વેચાણ દસ્તાવેજ મુજબ) જેની ચર્તુદિશાઃ ઉત્તરેઃ ઘર નં. એફ/૭૪, , દક્ષિણેઃ ૧૨.૦૦ મીટરનો પહોળો રસ્તો, પૂર્વેઃ ૭.૫૦ મીટરનો પહોળો રસ્તો, પશ્ચિમેઃ ઘર નં. એફ/૭૨.

તારીખ : ૦૭/૦૯/૨૦૨૬
સ્થળ : વડોદરા

અધિકૃત અધિકારી,
(મુખ્ય પ્રબંધક, ઈંડિયન બેંક)

इंडियन बैंक Indian Bank

इलाहाबाद ALLAHABAD

વાસણા શાખા : દુકાન નં. ૧૨ થી ૧૭ એરીસ્ટો,
પ્રિયા ટોકીઝ પાસે, વાસણા ભાઈલી કેનાલ રોડ,
પીન -૩૯૧૪૧૦.

કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)

આથી, અમો નીચે સહી કરનારા, સીકયુરીટાઈઝેશન અને રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ અને એન્ફોર્સમેન્ટ સીકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ ની જોગવાઈ હેઠળ ઈંડિયન બેંકના અધિકૃત અધિકારી છીએ અને મજકુર કાયદાના સેકશન ૧૩(૧૨) નિયમ ૩ સાથે વાંચતા અને સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ ૨૦૦૨ અંતર્ગત મળેલી સત્તાની રૂએ તા.૦૬/૦૬/૨૦૨૬ ના રોજ કરજદાર(ઓ), મોર્ગેજર શ્રી હાપીજાલી અહમદજલીલ પઠાણ અને શ્રી પઠાણ ફકરુનબાનુ ને અમારી વાસણા રોડ શાખાએ ડિમાન્ડ નોટિસ પાઠવી હતી. સદર નોટીસ દર્શાવેલી રકમ રૂા.૨૮,૯૭,૯૨૨.૦૦ (રૂપિયા અઠ્ઠાવીસ લાખ સત્તાણુ હજાર નવસો બાવીસ પુરા) સદરહુ નોટીસ મળ્યાની તારીખથી ૬૦ દિવસમાં પરત ચુકવવા જણાવ્યું હતું.

કરજદાર(રો), મોર્ગેજર નાણાં ભરપાઈ કરવામાં નિષ્ફળ ગયા હોઈ, કરજદાર(ઓ), મોર્ગેજર તથા જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે ઉપરોકત એકટના સેકશન ૧૩(૪) રૂલ્સ ૮ અને ૯ સાથે વંચાણે લઈને, મળતાં અધિકારની રૂએ, બેંકના અધિકૃત અધિકારીએ નીચે દર્શાવેલ સ્થાવર મિલ્કતનો કબજો તારીખ ૦૯/૦૯/૨૦૨૬ ના રોજ સંભાળી લીધેલ છે.

આથી ખાસ કરીને કરજદાર(ઓ), મોર્ગેજર તથા જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે, કે તે મિલ્કતો ઉપર કોઈપણ જાતનો વ્યવહાર કરવો કે કરાવવો નહિ કે લે-વેચ કરવી નહિ કે હસ્તાંતર કરવો નહિ તથા જો એવું કરવામાં આવશે તો તે ઈંડિયન બેન્ક, માટે બાકી પડતી રકમ રૂા.૨૯,૫૭,૫૯૩.૯૬ (રૂપિયા ઓગણત્રીસ લાખ સત્તાવન હજાર પાંચસો ત્રાણું અને છન્નુ પૈસા પુરા) અને તેની ઉપરંના વ્યાજની રકમના બોજાને આધિન રહેશે.

અમે SARFAESI એક્ટની કલમ ૧૩(૮) અને તે અંતર્ગત ઘડવામાં આવેલા નિયમોની જોગવાઈઓ તરફ તમારું ધ્યાન દોરીએ છીએ, જે તમારી મિલકતો (securities) પરત મેળવવાના તમારા અધિકારો સાથે સંબંધિત છે.

સ્થાવર મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી રહેણાંક મિલકત પ્લોટ નં. ૪૭/એ, જે જમીન માપ ૮૦૯૪ ચો.મીટર્સ. પર જાણીતી યોજના ''હાશ્મી પાર્ક'', જેનો પ્લોટ વિસ્તાર માપ ૪૩.૩૧ ચો.મીટર્સ. અને અવિભાજીત કોમન પ્લોટ વિસ્તાર માપ ૨૦.૦૦ ચો.મીટર્સ. કુલ વિસ્તાર માપ ૬૩.૩૧ ચો.મીટર્સ. જેના ગ્રાઉન્ડ ફ્લોર નો બાંધકામ વિસ્તાર ૨૬.૭ ચો.મીટર્સ. અને બીજા માળ નો વિસ્તાર માપ ૨૪.૪૯ ચો.મીટર્સ, કુલ બાંધકામ વિસ્તાર માપ ૭૭.૮૯ ચો.મીટર્સ. મોજે કરોડીયા માં રજીસ્ટર થયેલ સબ-જિલ્લો વડોદરા જિલ્લો વડોદરા જે જમીનનો સીટી સર્વે નં. ૨૦૮/૧. મોજેઃકરોડીયા, સબ-જિલ્લોઃવડોદરા, જિલ્લોઃ વડોદરા મિલકતની ચર્તુદિશાઃ ઉત્તરેઃ પ્લોટ નં. ૪૨, દક્ષિણેઃ ૭.૫૦ મીટર રસ્તો, પૂર્વેઃ પ્લોટ નં. ૪૮, પશ્ચિમેઃ પ્લોટ નં. ૪૭/બી.

સ્થળ : વડોદરા
તારીખ : ૦૯/૦૯/૨૦૨૬

અધિકૃત અધિકારી,
ઈંડિયન બેંક.

ગુજરાત રાજ્ય
નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,

ઈ-ટેન્ડર જાહેર નિવિદા નં. ૧૫ સને ૨૦૨૬-૨૭

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી કાર્યપાલક ઈજનેરશ્રી, કડાણા વિભાગ નં.૧, દિવડા કોલોની, તા.કડાણા, જી.મહીસાગર, પીન કોડ નં.૩૮૯૨૫૦ ફોન નં.૦૨૬૭૫-૨૩૭૬૭૪ દ્વારા બાંધકામ વિભાગમાં યોગ્ય શ્રેણીમાં નોંધણી ધરાવતા ઈજારદારો પાસેથી ઓનલાઈન ટેન્ડર બી & ઉપરના વર્ગના ઈજારદાર પાસેથી એસ.બી.ડી ટેન્ડર ફોર્મમાં મંગાવવામાં આવે છે. જેની અંદાજીત રકમ રૂ.૨.૪૬ કરોડ સુધીની છે.

Pre-bid meeting will be held in the office of the Superintending Engineer, Panam Project Circle, Godhra, Dist.Panchmahal on Dt.21/09/2026 at 03:00 P.M. Hrs.

પ્રસ્તુત નિવિદામાં સમાવિષ્ટ કામો માટેના ટેન્ડર ડોક્યુમેન્ટ વેબ સાઈટઃ https://tender.nprocure.com પર તા.૧૬/૦૯/૨૦૨૬ થી તા.૦૬/૧૦/૨૦૨૬ ના ૧૮:૦૦ કલાક સુધી ઉપલબ્ધ રહેશે.

વધુ વિગત માટે વિગતવાર નોટીસ ઉપરોક્ત વેબ સાઈટ પર જોવા મળશે તથા રૂબરૂ કચેરીના સમય દરમ્યાન સંપર્ક કરવો.
(માહિતી/ગોધરા/૪૯૪/૨૬)

ઓન લાઈન ટેન્ડરીંગ
જાહેર નિવિદા નં.૨૧, સને.૨૦૨૬-૨૭
પંચમહાલ જિલ્લા પંચાયત માxમ વિભાગ, ગોધરા.

કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત (માxમ) વિભાગ, જિલ્લા પંચાયત, પંચમહાલ-ગોધરા, ફોન નં. ૦૨૬૭૨-૨૫૩૩૮૪ દ્વારા ઓનલાઈન ઈ-ટેન્ડર માન્ય ઈજારદારશ્રીઓ પાસે થી મકાનના કામ-૪ જેની અંદાજી રકમ રૂા.૧૩.૩૨ થી ૧૫.૧૦ લાખની કિંમત માટે ના ઈ-ટેન્ડરો માંગવામાં આવે છે. ટેન્ડર ના દસ્તાવેજો http;/tender.nprocure.com વેબસાઈટ અને ટેન્ડર નોટીસ માહિતી નિયામકશ્રીની www.statetendersgujarat.gov.in ઉપર જોવા મળશે. ઈજારદારશ્રીઓએ ઓન લાઈન ની વેબ સાઈટ ઉપર ટેન્ડર ભરવાના રહેશે. ટપાલ માર્ગે કે રૂબરૂ ટેન્ડર સ્વીકારવામાં આવશે નહી.

મુળભુત ટેન્ડર દસ્તાવેજ રજા સિવાયના દિવસોમાં કચેરી સમય દરમિયાન જોવા મળશે.

ઈ-ટેન્ડરીંગ અંગેનું સમયપત્રક નીચે મુજબ છે.

ઓન લાઈન સબ મીશનની છેલ્લી તારીખ.	તા.૨૧/૯/૨૦૨૬ સમય ૧૮.૦૦ કલાક સુધી.
ટેન્ડર ઓપનીગ (ઓનલાઈન)	તા.૨૨/૯/૨૦૨૬, સમય ૧૨.૦૦ કલાક

(માહિતી/ગોધરા/૪૯૨/૨૬)

કાર્યપાલક ઈજનેર
પંચાયત (માxમ)વિભાગ
ગોધરા.